ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૫-૨૬ માટેની રૂ.૨.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી બીજા અને ત્રીજા હપ્તા પેટે રૂ.૧.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
SJED/MIS/e-file/17/2024/1037/A-1 Section
સચિવાલય, ગાંધીનગર
As per e-sign.

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૨૫-૦૩-૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/MSM/e-file/17/2024/2141/A-1

(૨) આ વિભાગનો તા.૧૧-૦૬-૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2024/1037/A-1 Section

(૩)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૪-૧૧-૨૦૨૫નો પત્ર ક્રમાંક: DDCW/SCG/e-file/225/2025/0236/CHH-Branch - Corporation.

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૨.૦૦ કરોડની બજેટ જોગવાઈની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) ના પત્રથી ઉક્ત નિગમ માટે વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૨.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ઉક્ત નિગમને હવાલે મૂકવા મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) ના પત્રથી ઉક્ત નિગમ માટે વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૨.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી પૈકી બીજા અને ત્રીજા હપ્તા પેટે રૂ.૧.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૫-૨૬ ની બજેટ જોગવાઇ મુજબની રૂ.૨.૦૦ કરોડની શેરમૂડી ગ્રાન્ટ પૈકી પૈકી બીજા અને ત્રીજા હપ્તા પેટે રૂ.૧.૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા (અંકે રૂપિયા એક કરોડ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને



Scanned with OKEN Scanner

હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) સને ૨૦૨૫-૨૬ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૯ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને શેરમૂડી હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

(૬) હવે પછી ગ્રાન્ટની માંગણી કરતાં સમયે નિગમ દ્વારા GSFS ખાતે પાર્ક કરવામાં આવેલ ફંડનાં ઉપયોગ અંગેના આયોજનની વિગતો મોકલવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૨-૧૨-૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારતા વિભાગ
ગુજરાત સરકાર

<u>પ્રતિ</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૮) સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.

Signature valid
Signed by:Dharmish... Vasava
Incharge
Date:202... .03
15:47:31 ...



Scanned with OKEN Scanner